# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

*****************************************************

1. દેશભરમાં ઔષધિ સામગ્રીનો અવિરત પૂરવઠો સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધ
2. આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ.
3. અમદાવાદના એક છાત્રાલયમાં ખોરાક ખાધા પછી ફૂડ પોઈઝનિંગ ઘટના અંગે ગુજરાતના મુખ્યસચિવ અને અમદાવાદ પોલીસ કમિશનરને NHRCની નૉટિસ
4. લેબનોનમાં હિઝબુલ્લાહ પર ઇઝરાયેલના હુમલાનું ગંભીર પરિણામ આવશે તેવી ઈરાનની સંસદના અધ્યક્ષની ચેતવણી
5. મંગોલિયામાં યોજાયેલી એશિયન મુક્કેબાજી સ્પર્ધામાં ભારતીય મહિલા ટીમે 10 ચંદ્રક જીત્યા

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# ELECTION – OVER ALL

આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે મતદાન આજે પૂર્ણ થયું. આસામની ૧૨૬ બેઠકો, કેરળની ૧૪૦ બેઠકો અને પુડુચેરીની ૩૦ બેઠકો માટે મતદારોએ મતદાન કર્યું. મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

આસામમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં ૮૪.૪૨ ટકા મતદાન નોંધાયું હતું. દક્ષિણ સલમારા માંકાચર જિલ્લામાં સૌથી વધુ ૯૪.૦૮ ટકા મતદાન નોંધાયું હતું.

કેરળમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં ૭૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. કોઝિકોડ જિલ્લામાં સૌથી વધુ ૭૭.૬૩ ટકા મતદાન નોંધાયું હતું.

જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં આશરે ૮૭ ટકા મતદાન નોંધાયું હતું.

ઉપરાંત કર્ણાટકના બાગલકોટ પેટાચૂંટણીમાં, સાંજે ૫ વાગ્યા સુધીમાં ૬૫.૬૮ ટકા મતદાન થયું હતું, જ્યારે દક્ષિણ દાવણગેરે જિલ્લામાં ૬૩ ટકાથી વધુ મતદાન થયું હતું. નાગાલેન્ડના મોકોકચુંગ જિલ્લામાં કોરીડાંગ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે મતદાન શાંતિપૂર્ણ રહ્યું. સાંજે 5 વાગ્યા સુધી 80.62 ટકા મતદાન નોંધાયું હતું. ત્રિપુરાના ધર્મનગર મતવિસ્તારમાં સાંજે 5 વાગ્યા સુધી લગભગ 80 ટકા મતદાન થયું હતું.

આજે પશ્ચિમ બંગાળમાં મતદાનના પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો છેલ્લો દિવસ હતો. બીજા તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્રો દાખલ કરવાનો પણ છેલ્લો દિવસ હતો.

ઉલ્લેખનીય છે કે, આસામ, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી માટે મતગણતરી આવતા મહિનાની 4 તારીખે થશે.

# INTER – MINISTERIAL – BRIFFING

પશ્ચિમ એશિયા સંઘર્ષ અંગે આજે નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય બેઠક દરમિયાન, ઔષધીય વિભાગના સંયુક્ત સચિવ સત્યપ્રકાશએ જણાવ્યું કે દેશમાં આવશ્યક ઔષધિ સામગ્રીનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સંબંધિત વિભાગો સંકલનમાં કામ કરી રહ્યા છીએ. શ્રી સત્યપ્રકાશે જણાવ્યું હતું કે આ સંઘર્ષથી ઔષધિયા સામગ્રી માટે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરી છે. તેમણે કહ્યું કે દવાના ભાવમાં કોઈ નોંધપાત્ર વધારો થયો નથી, સરકારે ઔષધીય ઉદ્યોગને ટેકો આપવા અને આવશ્યક સામગ્રીની ઉપલબ્ધતા જાળવવા માટે 40 રશાયન ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી ઘટાડીને શૂન્ય કરી દીધી છે.

(બાઇટ : સત્યપ્રકાશ)

બંદરો, જહાજઅને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું કે LPG વહન કરતું વધુ એક જહાજ "ગ્રીન આશા" આજે નવી મુંબઈના JNPA બંદર પર પહોંચ્યું છે. આ જહાજ 5 એપ્રિલે હોર્મુઝ સમુદ્ર માંથી પસાર થયું હતું.

(બાઇટ : મુકેશ મંગલ)

તેમણે જણાવ્યું હતું કે શિપિંગ મહાનિર્દેશાલયે અત્યાર સુધીમાં 1,800 થી વધુ ભારતીય નાવિકોને સુરક્ષિત પરત ફરવાની ખાતરી આપી છે, જેમાં છેલ્લા 24 કલાકમાં ગલ્ફ ક્ષેત્રના વિવિધ સ્થળોએથી 49 નો સમાવેશ થાય છે.

**પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે સરકાર દેશમાં 100 ટકા ઘરેલુ LPG પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે વિતરણ કેન્દ્રો પર LPG ની અછતના કોઈ અહેવાલ નથી. ગઈકાલે 50 લાખથી વધુ ઘરોમાં LPG સિલિન્ડર પહોંચાડ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે OTP-આધારિત LPG ડિલિવરી 92% સુધી પહોંચી ગઈ છે અને ઓનલાઈન બુકિંગ 98% સુધી પહોંચી ગયું છે. સંયુક્ત સચિવે અહેવાલ આપ્યો હતો કે ગયા મહિનાની 23 તારીખથી દસ લાખથી વધુ વાણિજ્યિક LPG સિલિન્ડર વેચાયા છે.**

**(બાઇટ : સુજાતા શર્મા)**

# JITENDRA- NITI AAYOG REPORT

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે સંશોધન અને વિકાસમાં ખાનગી ક્ષેત્રની વધુ ભાગીદારી માટે હાકલ કરી છે.

નવી દિલ્હીમાં નીતિ આયોગના બે અહેવાલોને બહાર પાડતાં તેમણે જણાવ્યું કે દેશમાં નવીનતાને આગળ વધારવા ઉદ્યોગની મજબૂત ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમણે નોંધ્યું હતું કે સરકારે ખાનગી કંપનીઓ માટે અવકાશ અને પરમાણુ ઊર્જા જેવા ક્ષેત્રો ખોલ્યા છે તથા સંશોધન, વિકાસ અને નવીનતા (RDI) ભંડોળ જેવી પહેલ શરૂ કરી છે. શ્રી સિંહે ઉદ્યોગોને આ ક્ષેત્રોમાં વધુ રોકાણ અને સહયોગ કરવા અપીલ કરી હતી. તેમણે સંશોધનને સરળ બનાવવા પ્રણાલીગત સુધારાઓની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

# DOORDARSHAN – MOU

દૂરદર્શને નવી દિલ્હીમાં ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ –ICCR સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું છે કે આ ભાગીદારીનો ઉદ્દેશ્ય દૂરદર્શન (પ્રસાર ભારતી) ના વ્યાપક ટેલિવિઝન, રેડિયો અને ડિજિટલ ઇકોસિસ્ટમનો ઉપયોગ કરીને ICCR દ્વારા પૂરી પાડવામાં આવતી સાંસ્કૃતિક સામગ્રીની પહોંચને વિસ્તૃત કરવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે કરાર હેઠળ, ICCR સાંસ્કૃતિક સામગ્રી અને પ્રદર્શન પ્રદાન કરશે, જ્યારે દૂરદર્શન ટેલિવિઝન ચેનલો, રેડિયો નેટવર્ક્સ, OTT પ્લેટફોર્મ્સ અને સોશિયલ મીડિયા સહિત અનેક પ્લેટફોર્મ પર તેમનું કવરેજ અને પ્રસારણ કરશે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે કરારની મુખ્ય વિશેષતા એ છે કે ડિજિટલ અધિકારો સહિત, કાયમી ધોરણે સામગ્રી અધિકારોની સંયુક્ત માલિકીની જોગવાઈ રહેશે, જે બંને સંસ્થાઓને લાંબા ગાળાના ઉપયોગ માટે સામગ્રીને આર્કાઇવ અને પ્રસારિત કરવા સક્ષમ બનાવશે. આ કરાર ત્રણ વર્ષ સુધી અમલમાં રહેશે, જેમાં પરસ્પર સંમતિ દ્વારા વિસ્તરણની જોગવાઈઓ હશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# NHRC AHMEDABAD

અમદાવાદના એક છાત્રાલયમાં ખોરાક ખાધા પછી 57 જેટલી વિદ્યાર્થિની બીમાર પડ્યાના અહેવાલ અંગે રાષ્ટ્રીય માનવ અધિકારી પંચ – NHRCએ રાજ્યના મુખ્યસચિવ અને અમદાવાદ પોલીસ કમિશનરને નૉટિસ આપી છે. અહેવાલની સુઓમોટો નોંધ લેતા NHRC-એ બે સપ્તાહમાં આ અંગે વિગતવાર અહેવાલ સુપરત કરવા જણાવ્યું છે.

પંચે જણાવ્યું, અહેવાલમાં પીડિતોના સ્વાસ્થ્યની સ્થિતિ તેમજ કેસની તપાસનો સમાવેશ થઈ શકે છે. વિવિધ માધ્યમોના અહેવાલ મુજબ, પાંચ એપ્રિલે બનેલી આ ઘટનામાં પેટમાં દુખાવા, ઝાડા અને ઉલટીની સમસ્યા થતાં 18 જેટલી વિદ્યાર્થિનીઓને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યારે અન્ય વિદ્યાર્થિનીઓને તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવી હતી.

# AP-MAOIST

આંધ્રપ્રદેશમાં અલ્લુરી સીતારામ રાજુ જિલ્લાના પોલીસ અધિક્ષક અમિત બારદાર સમક્ષ પાંચ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું.

આત્મસમર્પણ કરનારા જૂથમાં એક DVCM-રેન્ક સભ્ય, ત્રણ ACM/PPCM-રેન્ક સભ્યો અને એક કેડર સભ્યનો સમાવેશ થાય છે.

મીડિયાને સંબોધતા, પોલીસ અધિક્ષકએ જણાવ્યું છે કે માઓવાદીઓ અગાઉ દક્ષિણ બસ્તરમાં કાર્યરત હતા અને હિડમા જૂથ સાથે કામ કરતા પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી (PLGA)નો ભાગ હતા. તેઓ આંધ્રપ્રદેશ-તેલંગાણા સરહદ પર અનેક વિસ્ફોટ ઘટનાઓ અને કામગીરીમાં સામેલ હોવાનો આરોપ છે. તેમણે કહ્યું કે ઓપરેશન કાગર સહિતના તાજેતરના સુરક્ષા પગલાંએ તેમને સ્વેચ્છાએ આત્મસમર્પણ કરવા પ્રેરિત કર્યા. તેમણે વધુમાં ઉમેર્યું કે હાલમાં જિલ્લામાં કોઈ માઓવાદી પ્રવૃત્તિ નથી. તેમણે કહ્યું કે આત્મસમર્પણ કરનારા સભ્યોનું સરકારી નીતિ મુજબ પુનર્વસન કરાશે અને તેઓ ખેતી અથવા અન્ય આજીવિકાના વિકલ્પો અપનાવી શકે છે.

# IRAN-HEZBOLLAH

ઈરાનની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર કલિબફે ચેતવણી આપી છે કે લેબનોનમાં હિઝબુલ્લાહ પર ઇઝરાયેલ દ્વારા સતત કરાતાં હુમલાનું ગંભીર પરિણામ આવશે અને કડક પ્રતિક્રિયાઓ ભોગવવી પડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લેબનોનમાં પણ બે અઠવાડિયાનો યુદ્ધવિરામ લંબાવવામાં આવે, પરંતુ ઇઝરાયેલ અને અમેરિકા બંને દ્વારા તેનો ઇનકાર કરાયો. શ્રી કલિબફ આ અઠવાડિયાના અંતમાં પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં પ્રસ્તાવિત શાંતિ મંત્રણામાં ઈરાન વતી સંભવિત વાટાઘાટકાર તરીકે ભાગ લે તેવી અપેક્ષા છે. તેઓ અમેરિકી ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સ સાથે પણ મુલાકાત કરી શકે છે.

દરમિયાન ઇઝરાયલ સરક્ષણદળ , IDF એ આજે જણાવ્યું હતું કે તેણે બેરુતમાં હિઝબુલ્લાહના સેક્રેટરી-જનરલ નઇમ કાસેમના અંગત સચિવ અલી યુસુફ હર્ષીને મારી નાખ્યો છે.

# EVE ASIAN BOXING C'SHIP

ભારતીય મહિલા ટીમે મંગોલિયામાં એશિયન મુક્કેબાજી ચેમ્પિયનશિપ 2026 માં ઐતિહાસિક પ્રદર્શન કર્યું, 10 ચંદ્રક સાથે ચાર્ટમાં ટોચ પર રહ્યા , જેમાં ચાર સુવર્ણ , બે રજત અને ચાર કાંસ્યનો સમાવેશ થાય છે. વર્તમાન વિશ્વ ચેમ્પિયન મીનાક્ષી હુડ્ડાએ 48 કિલો વજન વર્ગમાં મંગોલિયાની નોમુંડારી એન્ખ-અમગલાનને 5-0 થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પ્રીતિ પવારે 54 કિલો વજન વર્ગમાં ચીનના તાઈપેઈની હુઆંગ ઝિયાઓ-વેઈને 5-0 થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. જ્યારે પ્રિયા ઘંઘાસે 60 કિલો વજન વર્ગની ફાઇનલમાં ઉત્તર કોરિયાની વોન ઉન-ગ્યોંગને 3-0 થી હરાવીને જીત મેળવી હતી.તેમજ અરુંધતી ૭૦ કિલોમાં કઝાકિસ્તાનના બકિત સીદીશ સામે ૪:૧ થી વિજય મેળવીને પોતાની શ્રેણીમાં સુવર્ણચંદ્રક જીત્યો.

ભારતે પોતાની શ્રેણીમાં બે રજત ચંદ્રક જીત્યા, જેમાં 57 કિલો વર્ગમાં જૈસ્મીન અને 80 કિલો વર્ગમાં અલ્ફિયાન પઠાણએ રજત ચંદ્રક મેળવ્યો.

ભારત આવતીકાલે ટુર્નામેન્ટનો મજબૂત રીતે અંત કરવા માંગશે, જેમાં બે પુરુષ બોક્સર ફાઇનલમાં હશે.

# BADMINTON

એશિયન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં આયુષ શેટ્ટીએ ચી યુ જેનને 21-16, અને 21-12 થી સીધા સેટમાં હરાવીને પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે . જોકે, એચ.એસ. પ્રણોય ચીનના વેંગ હાંગ યાંગ સામે 12-21, 19-21 થી હારી ગયા બાદ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા.

દરમિયાન, મહિલા સિંગલ્સમાં, બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી.વી. સિંધુનો ચીનની બીજી ક્રમાંકિત વાંગ ઝીયી સામે 16-21, 15-21 થી પરાજય થયો.

મિક્સ ડબલ્સમાં, ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોનો પણ મલેશિયાના ચેન તાંગ જી અને તોહ ઇ વેઈ સામે 13-21, 14-21 થી પરાજય થયો.